
# પ્રબોધકોએ દેવનો સંદેશો પ્રગટ કર્યો

બાળકોને શિખવનારે સ્ટડી   વાંચી જવો.

**૧. જૂના કરાના ભવિષ્યવાદીઓના પુસ્તકો શિખવવાની તૈયારી કરો.**

**ભવિષ્યવાદીઓનો સમય**




ઉપર છાપ કરેલો સમયગાળો ઈ.પૂ. ૮૩૫ થી ઈ.પૂ ૪૦૦ નો છે જે દરમ્યાન પ્રબોધકોએ પ્રબોધ કર્યો હતો.

યશા.૬:૧-૮માંથી શોધો.

- દેવનું દર્શન પામ્યા પછી પ્રબોધકનો પ્રત્યુત્તર (ક.૧-૫)
- દેવે તેને ફરી ખાતરી કેવી રીતે કરાવી ? (ક.૭.૬) અને,
- યશાયાહે શું કરવા માટેનું વચન આપ્યું ?(ક.૮)

**વ્યાખ્યાઓ**

**પ્રબોધક**.જૂના કરારમાં ઘણીવાર દેવ પોતાના ઈસ્ત્રાએલી લોકોને પોતાના પવિત્ર આત્માની પ્રેરણાથી સંદેશા આપતા હતા. ૨ પી૧:૨૧.

**પ્રબોધવાણી.** દેવના પ્રબોધકો તેના લોકને પાપથી ફરવા અને દેવને આધિન થવા કહેતા હતા; લોકો પર દુ:ખ આવ્યું હોય તો શા માટે આવ્યું છે ? વિશ્વાસીઓને માટે દિલાસો અને આશા તેમજ આવનાર ન્યાય અને જેને તેઓ મસીહ કહેતા હતા તે પ્રતિજ્ઞાનો રાજા કે જે સંપૂર્ણ ન્યાયથી રાજ કરશે તેને વિષે પ્રબોધ કરતા હતા.

**ભવિષ્યવાણી.** પ્રબોધકો ઘણી વખત એવી બાબત વિષે કહેતા જે હજુ સુધી બની ના હોય. તેઓ ચાર પ્રકારની ભવિષ્યવાણી કહેતા (૧) કેટલીક બાબતો તેમના જીવનકાળ દરમ્યાન જ આવવાની હોય (૨) કેટલીક બાબતો તેમના મૃત્યુ પછી થોડા જ સમયમાં બનવાની હોય (૩) કેટલીક બાબતો સેંકડો વર્ષો પછી બનવાની હોય (૪) એવી બાબતો જે હજુ બની નથી. યશા.૪૨:૮-૯

**સાચા પ્રબોધકો.** બધા સાચા પ્રબોધકો હેબ્રીઓ એટલે યહુદીઓ હતા અને ફક્ત સાચા ઈશ્વર માટે બોલતા, અન્ય દેવો માટે કદી નહી. જ્યારે આ સાચા પ્રબોધકો કોઈ બાબત બનવા સંબંધી કહેતા,તો તે બાબત બનીને જ રહેતી. કેટલાક ઉત્તરના રાજ્ય એટલે ઈસ્ત્રાએલ રાજ્યમાં ભવિષ્યવાદ કરતા, કોઈ દક્ષિણ એટલે યહુદાના રાજ્યમાં પ્રબોધ કરતા જ્યારે થોડા, જેમકે યૂના-બીજા રાજ્યમાં પ્રબોધ કરતા પુન૧૮:૧૭-૨૧.

**જૂઠા પ્રબોધકો**. જૂઠા પ્રબોધકો યહોવાહ સિવાય અન્ય દેવો માટે બોલતા અને લોકોને અન્ય દેવોની ભક્તિ માટે અને ઈશ્વરના નિયમભંગ માટે દોરતા પુન૧૩:૧-૪.

**જૂના કરારના ભવિષ્યવાદી પુસ્તકોનો સંક્ષિપ્ત સાર**

મુસા સિવાય-જૂના કરારના ૧૭ અન્ય પ્રબોધકોએ પુસ્તકો લખ્યા જે બાઈબલમાં સ્થાન પામ્યા. પ્રભુ ઈસુ મસીહ આવ્યા ના કેટલા વર્ષ પહેલા તેઓ બોલ્યા તે નીચેના સૂચિ પરથી જણાય છે.

૮૩૫ ઈ.પૂ.-યોએલ પ્રબોધકે યહુદાહ ઉપર તીડોની ચઢાઈ થશે તેવું કહ્યું અને લોકોને પસ્તાવો કરવાનું કહ્યું. **પ્રે૨:૧૬-૨૧**માં પીત્તર યોએ૨:૨૮-૩૨ ટાંકે છે.

૭૮૩-૭૫૩ ઈ.પૂ. **યૂના** પ્રબોધકે વિદેશી નિનવેહ નગરને પસ્તાવા માટે પ્રબોધ કર્યો. **માત્થી ૧૨ :૪૦-૪૧**માં પ્રભુ ઈસુએ યુના ૧:૧૭ની વાત ટાંકી છે.

૭૬૦-૭૫૦ ઈ.પૂ. **આમોસે** ઈસ્ત્રાએલનો નાશ અને તેની ભવિષ્યની આશાનો પ્રબોધ કર્યો. **પ્રે ૧૫:૧૩-૧૯**માં યાકૂબે આમો ૯:૧૧,૧૨ ટાંક્યું છે.

૭૫૫-૭૧૦ ઈ.પૂ. **હોશિયા**એ ઈસ્ત્રાએલની ગેરવફાદારીનું ઉ.દા. આપ્યું અને ભવિષ્યના છૂટકારા માટે ક્હયું **રૂમી ૯:૨૨-૨૬**માં પાઉલ હો. ૨:૨૩ ટાંકે છે.

૭૪૦-૬૮૦ ઈ.પૂ **યશાયાહ** યહુદાહને તારણ માટે યહોવાહ પર ભરોસો રાખવા અને મસીહની વાટ જોવા માટે પ્રબોધ કરે છે. **પ્રેકૃ. ૯ : ૩૦-૩૫** માં ફિલીપે યશા.૫૩ઃ૭-૮ ટાંકીને હબશી ખોજા સાથે વાત કરી હતી.

૭૩૯-૬૮૬ ઈ.પૂ. **મિખાહે** યહુદા અને ઈસ્ત્રાએલને આવનાર ન્યાય સંબંધી ચેતવણી આપી અને તેમને આગળની આશા વિષે પ્રબોધ કર્યો **માત્થી ૧૦ : ૩૫-૩૯** માં પ્રભુ ઈસુએ મિખા ૭ઃ૬ નો ઉપયોગ કર્યો.

૬૬૪-૬૧૨ ઈ.પૂ. **નાહૂમે** ન્યાય વિષે ઘોષણા કરી છે. યહુદા અને નિનવેહ માટે સુસમાચાર પાઠવ્યા છે. રૂમી ૧૦ઃ૧૫માં પાઉલે નાહૂમ ૧;૧૫ ટાંકેલ છે.

૬૪૦-૬૨૮ ઈ.પૂ. **સફાન્યા** ઈશ્વરીય ન્યાયના મોટા દિવસની વાત યહુદાને કરી છે. લોકોને સત્ય બોલવા ક્હયું. **પ્રકટી૧૪ : ૫** માં યોહાને સફાન્યા ૩ઃ૧૩ શબ્દો વાપર્યા છે.

૬૨૬-૫૮૦ ઈ.પૂ. **યિર્મેયાહે** યહુદાને બંદિવાસમાં જવું જ પડશે તેવું ભવિષ્ય કહ્યું તેણે તેમના શત્રુઓને તાબે થવા તેમને પ્રબોધ કર્યો અને નવા કરારની પ્રતિજ્ઞાની જાહેરાત કરી. **હેબ્રી. ૮ : ૭-૧૩** માં યિર્મે દ્વારા નવા કરારની ભવિષ્યવાણી કરવામાં આવી હતી યિર્મે૩૧ઃ૩૧-૩૪

૬૦૯-૫૯૭ ઈ.પૂ. **હબાક્કૂકે** યહુદા અને નિનવેહ વિરૂધ્ધ ન્યાયશાસનનું ભવિષ્ય કહ્યું અને લોકોને વિશ્વાસ કરવા કહ્યું. **ગલાતી ૩ : ૧૧** માં પાઉલ હબા.૨ઃ૪ ટાંકે છે.

૬૦૫-૫૩૦ ઈ.પૂ વિદેશી સામ્રાજ્યો વિષે **દાનીએલ**ને દર્શન થયા અને વિશ્વાસીઓનું પુનરૂત્થાન થશે તે પણ તેણે કહ્યું **લુક ૨૧ : ૨૫-૨૮** માં ઈસુ દાની.૭ઃ૧૩ ટાંકીને પોતાના બીજા આગમન વિષે કહ્યું.

૫૮૭-૫૬૫ ઈ.પૂ. **હઝકીએલ**ને ઈસ્ત્રાએલપ્રજા પોતાના દેશમાં પાછી ફરશે તે દર્શનો થયા અને મંદિર ફરી બાંધવાનો નકશો પણ તેને મળ્યો. **૨ કોરંથી ૬ : ૧૬-૧૮** માં પાઉલે હઝ ૨૦ઃ૩૪,૪૧અને ૩૭;૨૭ ટાંક્યા છે.

૫૮૬-૫૮૪ ઈ.પૂ. **યિર્મેયાહ ના વિલાપ**માં યરૂશાલેમના થનાર નાશની પ્રબોધવાણી છે. **માર્ક ૧૫ : ૨૯-૩૦** માં યિ.વિ ૨ઃ૧૫ના શબ્દો વધસ્તંભ પર પ્રભુ ઈસુને લાગુ પડે છે.

૫૮૬ ઈ.પૂ. **ઓબાદ્યા** અદોમ સામે ન્યાયશાસનની જાહેરાત કરે છે તેમજ યહુદાના વિજય વિષે કહે છે **પ્રકટી. ૧૧ : ૧૫** માં ઓબાદ્યા ૧ઃ૨૧ની પરિપૂર્ણતા છે.

૫૨૦-૫૧૯ ઈ.પૂ. યહુદીઓનો મસીહ જે ભવિષ્યનો મોટો રાજા છે તેને વિષે ઘણી માહિતિ **ઝખાર્યાહ** આપે છે. **માત્થી ૨૧ : ૪-૬** માં પ્રભુ ઈસુ ઝખા ૯ : ૯ની પરિપૂર્ણતા છે.

૫૨૦ ઈ.પૂ. **હાગ્ગાયે** યહુદાને મંદિર ફરી બાંધવા જાગૃત કર્યા. ભવિષ્યના આશિર્વાદોની આશા આપી. **હેબ્રી ૧૨ : ૨૬-૨૯** માં હાગ્ગાય૨ઃ૬ કેવી રીતે પૂર્ણ થશે તે કહ્યું.

૪૩૦-૪૦૦ઈ.પૂ. **માલાખી** છેલ્લો પ્રબોધક હતો. **માત્થી ૧૧:૧૦-૧૧** માં ઈસુએ યોહાન બાપ્તિસ્મા કરનાર માટે માલાખી ૩ઃ૧નો ઉપયોગ કર્યો.

**નવા કરારના પ્રબોધકો.** દરેક મંડળીને પ્રભુ 'પ્રેરિતો, પ્રબોધકો, સુવાર્તિકો, પાળકો અને શિક્ષકો' એફે ૪ઃ૧૧ પ્રમાણે આપે છે. ખ્રિસ્તી પ્રબોધકો નવો પ્રબોધ કરતા નથી (જેથી વચનમાં ઉમેરો થાય પણ તેઓ ખ્રિસ્તનીઓને સમયાનુસાર મદદરૂપ થાય તેવી પ્રબોધવાણી કહે છે (પ્રે.૧૧ઃ૨૭-૩૦) જે કોઈ પ્રબોધ કરે તે

બીજાની ઉન્નતિ માટે, બોધ માટે અને દિલાસા માટે કહે છે. ૧ કો. ૧૪:૩. દરેક ખ્રિસ્તી એકબીજાને પ્રબોધ કરી શકે. (૧કોરંથી ૧૪ : ૨૪)

**૨. અઠવાડિયાની પ્રવૃત્તિઓ માટે સાથીદારો સાથે આયોજન કરો.**

જે વિશ્વાસીઓને બાઈબલ અભ્યાસ ગમે છે તેમને કોઈ પ્રબોધકનું પુસ્તક વાંચવાનું ઉત્તેજન આપો. જે પુસ્તક તેઓ પસંદ કરે તેના વિષેની માહિતિ ભાગ-૧માંથી આપો. પાછળથી તેઓને આ પુસ્તકના અભ્યાસ દ્વારા જે મુખ્ય મુદ્દાઓ અને મોટા વિચારો મળ્યા હોય તે બીજા વિશ્વાસીઓને જણાવવા દો.

જો સ્થાનિક ધર્મ પાળનારા લોકો પાસે તેમને પ્રબોધક હોય તો તેમને સમજાવો કે તેમની પાસે પુસ્તકો છે જે ખૂબ પ્રાચીન પ્રબોધકોએ લખેલા છે.જો તેમને રસ પડે તો તેમને ક્યાંથી બાઈબલ મળી શકે તે જણાવો.

**૩. આવનારી ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન**

દેવે યશાયાહ પ્રબોધકને કેવી રીતે મોકલ્યો તે વિષે તેમને અભ્યાસમાં જે પ્રાપ્ત થયું તે **વાંચો** અથવા સમજાવો.

બાયબલના પ્રબોધકોના પુસ્તકોના અભ્યાસ પરથી વિશ્વાસીઓને જે આશિષો મળ્યા હોય તે **કહેવા દો.**

ઉપર ભાગ-૧માંથી પ્રબોધની વ્યાખ્યા અને પશ્ચાતભૂમિકા **સમજાવો.**

પ્રબોધકોના પુસ્તકોના મુખ્ય વિષયોની ટૂંકી સમજૂતિ આપો. **બાળકો**એ જે તૈયાર કર્યું હોય તે રજુ કરવા દો.

**પ્રભુની મેજ** શરૂ કરતા યશા.૫૩:૫ વાંચો અને સમજાવો કે પ્રાચીન પ્રબોધકોએ ઈસુની લોહીના અર્પણ વિષે અગાઉથી કહ્યું હતું.

ત્રણ કે ચારના **જૂથ**માં પ્રબોધવાણીઓ કઈ રીતે પરિપૂર્ણ થઈ તેની ચર્ચા કરો અને એકબીજા માટે પ્રાર્થના કરો.

પ્રેકૃ.૨૬ : ૨૨ **મુખપાઠ કરો.**

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net